NAYARA
ENERGY

## PRESS COVERAGE:

PUBLICATION NAME: LOKWAT (GUJARATI DAILY)
CITY: JAMNAGAR
DATE: 18-06-2018
PAGE NO. 07
TOTAL SQ. CM. 405
TITLE: *Nayara Energy Limited distributes school and hygienic kits in 226 school*

# નયારા એનર્જી લી.દ્વારા ૨૨૬ શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતા કીટનું વિતરણ

## ખંભાળીયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓના ૩,૦૦૦ વિદ્યાર્થીઓ બન્યા લાભાન્વિત



નયારા એનજી લિમિટેડ દ્વારા ૨૨૬ શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતા કીટનું વિતરણ કરવામાં આવતા બાળકો ખુશખુશાલ બની ગયા હતા.

જામનગર તા.૧૮

નયારા એનજી લિમિટેડએ રાજય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાય ક્રમમાં સહભાગી બની ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓ મળી કુલ ૨૨૬ શાળાઓના ૩,૦૦૦ વિદ્યાથી ઓને સ્કૂલ બેગ કીટની સાથે સ્વચ્છતા અંગે જાગ તિ લાવવા માટે ''સ્વચ્છતા કીટ''નું વિતરણ કરી એક નવી પહેલ કરી હતી.

સામાજિક ઉત્તરદાયિત્વના નાતે રિફાઈનરી નજીકના ગામોમાં નયારા એનજી લિમિટેડ વિવિધ સેવાકીય પ્રવ ત્તિઓ કરી રહી છે. દરમિયાન રાજય સરકારના શાળા પ્રવેશોત્સવ કાય ક્રમમાં નયારા એનજી લિમિટેડએ દર વષ ની માફક સહભાગીદાર બની ત્રણ હજારથી વધુ વિદ્યાથી ઓને ખુશખુશાલ કરી દીધા છે. ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળોમાં કંપનીના અધિકારીઓ તથા પયા વરણ શિક્ષણ કેન્દ્રના કમી ઓએ રૂબરૂ જઈ વિદ્યાથી ઓને સ્કૂલ બેગ અને હાઈજીન કીટનું વિતરણ કયુ હતું. સ્કૂલ બેગ કીટમાં સ્લેટ, સ્લેટ પેન, બુક, વેકસ ક્રેયન્સ, ક્રેયન્સ કલર બુક, પાણીની બોટલ વગેરે વસ્તુઓ વિદ્યાથી ઓને આપવામાં આવી હતી. આ વેળાએ મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સરપંચશ્રી તેમજ અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહયાં હતાં.

નયારા એનજી લિમિટેડએ સ્કૂલ બેગ કીટની સાથે વિદ્યાથી ઓને હાઈજીન કીટનું વિતરણ કરી એક નવી પહેલ કરી છે. આ સ્વચ્છતા કીટમાં નેઈલ કટર, કાંસકો, ટુથબ્રસ, ટુથપેસ્ટ, ઊલિયું, હાથ રૂમાલ વગેરે વસ્તુઓ વિદ્યાથી ઓને આપવામાં આવી હતી. કંપનીના સ્ટાફ દ્વારા બાળકોમાં સ્વચ્છતા અંગે સમજ નાનપણથી જ કેળવાય એ માટે સ્વચ્છતા કીટમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ રોજેરોજ કઈ રીતે કરવો અને તેનાથી તંદુરસ્તી કઈ રીતે સચવાયેલી રહેશે તેનું માગ દશ ન આપવામાં આવ્યું હતું. સ્કૂલ બેગ અને હાઈજીન બેગ મળતા બાળકોના ચહેરાઓ ખીલી ગયા હતા. કંપનીની આ પહેલને શાળાઓના આચાય તથા શિક્ષકોએ આવકારી હતી.

નયારા એનજી લિમિટેડ રિફાઈનરી નજીકના ગામોમાં ''ગ્રામશિક્ષા'' કાય ક્રમ હેઠળ બાળકો શાળાઓમાં નિયમિત હાજર રહે, કન્યા કેળવણીમાં વધારો થાય, વિદ્યાથી ઓમાં ઉચ્ચ અભ્યાસનું પ્રમાણ વધે, નાના બાળકોમાં ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટે અને પ્રૌઢ શિક્ષિત થાય એ માટે કાય કરવામાં આવી રહયું છે, જેને લોકો દ્વારા આવકારમાં આવી રહયું છે